મુખ્ય સેવિકા તરીકેની સેવાને નવ વર્ષે પૂર્ણ થયેથી મળવાપાત્ર પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ રીવાઇઝ કરવા બાબત.
(કુ.વિનોદબાળા બી. રાવલ)

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
હુકમ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૨૦/૧૧૨૬/બ-૧,
સચિવાલય,ગાંધીનગર.
તા.૨૩/૧૦/૨૦૨૦.

વંચાણે લીધા :

1. ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ ગાંધીનગરની અપીલ ક્રમાંક: ૧૫૮/૨૦૦૧/૮૫૮ નો તા.૦૭/૦૪/૨૦૧૮ નો હુકમ.
2. મહિલા અને બાળ વિકાસ વિભાગના હુકમ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૦૨/૧૯૪/બ, તા.૦૫/૦૪/૨૦૦૬.
3. નાણા વિભાગનો ઉચ્ચતર પગાર ધોરણ અંગેનો ઠરાવ ક્રમાંક: પગર/૧૧૯૪/૪૪/મ, તા: ૧૬/૮/૧૯૯૪.
4. નાણા વિભાગનો ઉચ્ચતર પગાર ધોરણ અંગેનો ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ, તા: ૨/૭/૨૦૦૭.
5. નાણા વિભાગની ઉચ્ચતર પગાર ધોરણ અંગેની સ્પષ્ટતા અંગેનો ઠરાવ ક્રમાંક: પગર/૧૧૯૩/ ૩૬/મ, તા: ૧૬/૧૦/૧૯૯૩.
6. નાણા વિભાગનો ઉચ્ચતર પગાર ધોરણ અંગેનો ઠરાવ ક્રમાંક: પગર/૧૦૯૮/૪૧/મ, તા::૧૪/૮/૧૯૯૮

પ્રસ્તાવના:-

આમુખ (૧) થી નામ. ટ્રીબ્યુનલ દ્વારા કુ.વિનોદબાળાને નોકરીમાં જોડાયા તારીખથી ૯ વર્ષે પૂર્ણ કરે એ તારીખથી પ્રથમ ઉચ્ચતર પગારધોરણ મંજુર કરવાનો આદેશ કરવામાં આવેલ છે. આમુખ (૨) થી મુખ્યસેવિકાની સેવામાં નવ વર્ષ પૂર્ણ કર્યા બાદ ખાતાકીય પરીક્ષા પાસ કર્યા

તારીખથી બાળ વિકાસ યોજના અધિકારી સંવર્ગનું પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ (રૂ.૬૫૦૦-૧૦૫૦૦) મંજુર કરવામાં આવેલ હતું. સદરહુ હુકમ અન્વયે ખાતાકીય પરીક્ષા પાસ કર્યા તારીખને બદલે નવ વર્ષ પૂર્ણ કર્યા તારીખથી નાણા વિભાગની અનુસૂચિ મુજબ પ્રથમ ઉચ્ચતર પગારધોરણ રીવાઇઝ કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઉપરની બાબત અંગે પુનઃવિચારણા કરતાં તેઓને મળવાપાત્ર પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ બાબતે સરકારશ્રીની ઉચ્ચતર પગાર ધોરણ અંગેની નીતિ અને સરકારશ્રીના ઠરાવો ધ્યાને લેતાં હકિકતો નીચે મુજબ છે:

સરકારશ્રી દ્વારા તા.૫/૭/૧૯૯૧ ના ઠરાવથી તા. ૧/૬/૧૯૮૭ ના રોજ પાછલી અસરથી અમલમાં આવે તે રીતે ઉચ્ચતર પગાર ધોરણ યોજના પ્રથમ વાર અમલમાં મૂકવામાં આવેલ હતી. આ ઠરાવની જોગવાઇ ક્રમાંકઃ ૩, ૫ અને ૭ મુજબ, જે કેસોમાં બઢતીની જગ્યા ઉપલબ્ધ નથી તે કેસોમાં તથા, " જુદાં જુદાં પગાર ધોરણવાળા પૂરક સંવર્ગોવાળી જગ્યાઓના કેસમાં તે જગ્યાઓના ઉચ્ચતર પગાર ધોરણ બઢતીના પગાર ધોરણના બદલે તેના હાલના પગાર ધોરણ સાથે મળતુ આવતું, ઠરાવ સાથે જોડેલ અનુસૂચિ (૧)માં નિર્દિષ્ટ કર્યા મુજબનું ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાનું થાય છે." એટલે કે, બે પ્રકારના કેસોમાં અનુસૂચિ-૧ મુજબનુ પગાર ધોરણ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે મંજૂર કરવાનું રહે છે.

તા.૫/૭/૧૯૯૧ નો ઠરાવ મૂળભૂત રીતે રદ કરીને તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવથી સુધારેલ ઉચ્ચતર પગાર ધોરણ અમલમાં મૂકવામાં આવેલ હતું. તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવની જોગવાઈ ક્રમાંકઃ ૩(૩) મુજબ પણ; જે કેસોમાં બઢતીની જગ્યા ઉપલબ્ધ નથી તે કેસોમાં તથા," જુદાં જુદાં પગાર ધોરણવાળા પૂરક સંવર્ગોવાળી જગ્યાઓના કેસમાં તે જગ્યાઓના ઉચ્ચતર પગાર ધોરણ બઢતીના પગાર ધોરણના બદલે તેના હાલના પગાર ધોરણ સાથે મળતુ આવતું, ઠરાવ સાથે જોડેલ અનુસૂચિઃ (૧)માં નિર્દિષ્ટ કર્યા મુજબનું ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાનું થાય છે."

બાળ વિકાસ યોજના અધિકારીના તા.૦૬/૧૦/૮૩ ના ભરતી નિયમો મુજબ બાળ વિકાસ યોજના અધિકારીની પૂરક જગ્યામાં જુદાં જુદાં પગારધોરણવાળી ચાર જગ્યાઓ છે. જેમાં સોશીયલ વર્કર (પગાર ધોરણ રૂ. ૧૬૪૦-૨૯૦૦), બ્લોક/ ડીસ્ટ્રીક્ટ એક્સટેન્શન એજ્યુકેટર (પગાર ધોરણ રૂ. ૧૬૪૦-૨૯૦૦), પબ્લિક હેલ્થ નર્સ (પગાર ધોરણ રૂ. ૧૪૦૦-૨૩૦૦) અને મુખ્ય સેવિકા (પગાર ધોરણ રૂ. ૧૪૦૦-૨૩૦૦) નો સમાવેશ થાય છે.

તા.૧૬/૮/૧૯૯૪ના ઠરાવની ઉકત જોગવાઇને ધ્યાને લેતાં તા.૧/૬/૧૯૮૭ ના રોજ મુખ્ય સેવિકા (પગારધોરણરૂ.૧૪૦૦-૨૩૦૦) ને તેની બઢતીની જગ્યા ઉપલબ્ધ હોવા છતાં; પણ નિયમો મુજબ અનુસૂચિ-૧ મુજબનું પગાર ધોરણ રૂ. ૧૬૪૦-૨૯૦૦ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે મળવાપાત્ર થાય.

વિભાગે બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ ના તા.૧૫/૧૨/૧૯૮૯ થી ભરતી નિયમો પ્રસિધ્ધ કરેલ હતા; આ ભરતી નિયમોની જોગવાઇ મુજબ પૂરક જગ્યા તરીકે માત્ર મુખ્ય સેવિકા (પગાર ધોરણ રૂ. ૧૪૦૦-૨૩૦૦) સંવર્ગ જ રાખવામાં આવેલ હતો.

સદર ૧૯૮૯ના ભરતી નિયમોને આધારે પૂરક જગ્યા માત્ર એક જ છે તેમ ગણીને બઢતીનુ પગાર ધોરણ રૂ.૨૦૦૦-૩૫૦૦ મંજૂર કરવામાં આવે તો આ ભરતી નિયમો પ્રસિધ્ધ થયા પહેલાના કેસો કે જેમાં અનુસૂચિ-૧ મુજબ રૂ.૧૬૪૦-૨૯૦૦ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે મંજૂર થયેલ છે કે કરવાના છે તેવા સિનિયર કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણમાં વિસંગતતા ઉભી થાય. આવી વિસંગતતાઓ ઉભી ના થાય તે માટે નાણા વિભાગના તા.૧૬/૧૦/૧૯૯૩ ના ઠરાવથી સ્પષ્ટતાઓ બહાર પાડવામાં આવેલી છે. આ ઠરાવની સ્પષ્ટતા ક્રમાંકઃ ૧૮ માં એ સ્પષ્ટ કરવામાં આવેલ છે કે, જે કેસોમાં તા.૧/૬/૧૯૮૭ ના રોજ અનુસૂચિ મુજબનું ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર હતું તેમના કિસ્સામાં બઢતીની જગ્યા તા.૧/૬/૧૯૮૭ પછી અમલમાં આવી હોય તો પણ અનુસૂચિ મુજબનું ઉચ્ચતર પગાર ધોરણ જ મળવાપાત્ર રહેશે.

ત્યારબાદ તા.૧૬/૮/૧૯૯૪ ના ઠરાવની જોગવાઇ ક્રમાંક ૩(૮) માં અને ત્યારબાદ; તા.૨/૭/૨૦૦૭ ના ઠરાવથી અમલમાં આવેલ યોજનાની જોગવાઇ ક્રમાંકઃ ૨(૧૭) માં પણ જે કેસોમાં અનુસૂચિ-૧ મુજબનું ઉચ્ચતર પગાર ધોરણ મળેલ છે તેવા કેસો માટે આ જોગવાઇ વધુ સ્પષ્ટતા સાથે ચાલુ રાખવામાં આવેલ છે.

ઉપર મુજબની હકિકતો ધ્યાને લેતાં કુ.રાવલને રૂા.૧૬૪૦-૨૯૦૦ નું ઉચ્ચતર પગારધોરણ મળવાપાત્ર છે. મુખ્ય સેવિકાઓને વિભાગના આમુખ(૨)માં દર્શાવેલ હુકમ/ઠરાવથી રૂ.૬૫૦૦-૧૦,૫૦૦/- નું પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ પરીક્ષા પાસ કર્યા તારીખથી મંજુર કરવામાં આવેલ હતું, જે વાસ્તવમાં એમને મળવાપાત્ર નહોતુ, આથી તે રદ કરવા કરવાનું થાય. ઉક્ત કર્મચારીઓએ નિયત તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરી હોઈ તેઓને મુખ્ય સેવિકાની સેવામાં નવ વર્ષ પૂર્ણ કર્યાથી પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થાય.

કુ. વી.બી.રાવલને તેમના નામ સામે દર્શાવેલ તારીખથી પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ ચોથા પગારપંચ મુજબ તેમના પગાર ધોરણ રૂ.૧૪૦૦-૨૩૦૦/- ની સામે અનુસૂચિ મુજબનું રૂ.૧૬૪૦-૨૯૦૦/ મળવાપાત્ર થાય છે.

હુકમ:-

નીચે દર્શાવેલ કર્મચારીને તેમની નિમણૂકની તારીખથી નવ વર્ષ પૂર્ણ થયેથી પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ રીવાઇઝ કરવામાં આવે છે.

| ક્રમ | અધિકારી/કર્મચારીનું નામ | નિમણૂંકની તારીખ | નવ વર્ષ પૂર્ણ થયા તારીખ | ઉ.પ.ધો. મળવાપાત્ર પગાર ધોરણની તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | કુ. વિનોદબાળા બી. રાવલ | ૦૬/૧૨/૮૫ | ૦૫/૧૨/૯૪ | ૦૬/૧૨/૯૪ | આમુખ-૨, (૨૪) |

ઉકત કર્મચારીને પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ નીચેની શરતોએ મંજુર કરવામાં આવે છે:

1. તેઓને નવ વર્ષ પૂર્ણ કર્યા તારીખથી (પાત્રતાની તારીખ) નાણા વિભાગના તા.૧૬/૮/૧૯૯૪ના ઠરાવની અનુસૂચિ-૧ મુજબ રૂ.૧૬૪૦-૨૯૦૦/- ના પગાર ધોરણમાં પ્રથમ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવામાં આવે છે. આમુખ (૨)થી ચુકવવામાં આવેલ રૂ.૬૫૦૦- ૧૦,૫૦૦/- (રૂ.૨૦૦૦-૩૫૦૦/-) નું પગાર ધોરણ રીવાઇઝ કરીને સરભર કરવાનું રહેશે.
2. ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો-૨૦૦૨ ના નિયમ-૧૧(૧) મુજબ ઉચ્ચત્તર પગાર બાંધણી કરવાની રહેશે.
3. નાણા વિભાગના તા.૦૫/૦૭/૧૯૯૧ તથા તા.૧૬/૮/૧૯૯૪ના ઠરાવની જોગવાઇ મુજબના જરૂરી બાંહેધરી પત્રકો મેળવી લેવાના રહેશે. આ પગાર બાંધણી ઓડિટ ચકાસણીને આધિન રહેશે.
4. જે અધિકારી/કર્મચારીએ બિન પગાર રજાઓ ભોગવેલ હોય તેઓની રજાઓ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણની તારીખમાં બાદ કરવાની રહેશે.

આ હુકમ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રીની તા.૧૯/૧૦/૨૦૨૦ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગોપાલસિંહ યાદવ)
સેક્શન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.સુરેન્દ્રનગર.
4. પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. સુરેન્દ્રનગર.
5. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
6. સંયુક્ત નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, વિમા અને લેખા ભવન, ૧૭-ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
7. નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
8. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ. સુરેન્દ્રનગર.
9. કુ. વી.બી.રાવલ, નિવૃત સીડીપીઓ (મારફત પ્રોગ્રામ અધિકારીશ્રી, સુરેન્દ્રનગર)
10. નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
11. શાખા સિલેકટ ફાઇલ.